EDII

Divyabhaskar

March 17, 2024
Page No.03
(Citybhaskar)

### સ્કૂલોમાં ઉદ્યોગસાહસિકતા શીખવાડાશે, નોકરી આપનાર ઊભા કરવાનો ઉદ્દેશ

# હવે ગોવામાં પણ ગુજરાત આંત્રપ્રિન્યોરશિપ મોડલ લાગુ કરાશે, EDIIએ સેન્ટર શરૂ કર્યું

**એજ્યુકેશન રિપોર્ટર** | અમદાવાદ

ગુજરાતનું આંત્રપ્રિન્યોરશિપ મોડલ હવે ગોવામાં લાગુ કરાશે. આ માટે આંત્રપ્રન્યોરશિપ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)ને ગોવામાં આંત્રપ્રિન્યોર ઈકોસિસ્ટમ તૈયાર કરવાનું કામ સોંપાયું છે. ઈડીઆઈઆઈની એક ઓફિસ પણ ગોવામાં શરૂ કરાઈ છે. પાંચ વર્ષ માટેના ગોવામાં ઉદ્યોગસાહસિકતાનું વાતાવરણ તૈયાર કરવા માટેના એમઓયુ ઈડીઆઈઆઈ અને ગોવાના વિવિધ વિભાગો વચ્ચે કરાયા છે.

ગુજરાતમાં સ્ટાર્ટઅપ કલ્ચર હવે કોલેજથી લઈને સ્કૂલના વિદ્યાર્થીઓ સુધી પહોંચ્યું છે. ગુજરાતનું સ્ટાર્ટઅપ કલ્ચર દેશમાં વખાણાયું છે. આ ઈકોસિસ્ટમને ગોવામાં વિકસાવવા ત્યાંના મુખ્યમંત્રીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મદદ માટે જણાવ્યું હતું, જેથી સમગ્ર પ્રોજેક્ટ ઈડીઆઈઆઈના નેતૃત્વમાં તૈયાર કરવાની ભલામણ કરાઈ હતી. ઈડીઆઈઆઈએ પહેલા તબક્કામાં ગોવામાં પોતાનું એક સેન્ટર શરૂ કર્યું છે. અમદાવાદના અમુક ફેકલ્ટી અને સ્ટાફને ગોવામાં સ્થાયી કરાયા છે. ઈડીઆઈઆઈ દ્વારા પહેલા ગોવાની યુનિવર્સિટીમાં સ્ટાર્ટઅપ કલ્ચરને વિકસાવવા માટે પ્રવૃત્તિ શરૂ કરાશે. સ્ટાર્ટઅપની યુવાનોમાં સ્કિલ વિકસાવવા પર પણ ભાર અપાશે.

## ઇવેન્ટ મેનેજમેન્ટ, ટૂરિઝમના સ્ટાર્ટઅપ તૈયાર કરાશે

ઈડીઆઈઆઈ દ્વારા ગોવાના યુથને નેચરલ રિસોર્સ, ઈવેન્ટ મેનેજમેન્ટ, ટૂરિસ્ટ, વેલનેસ ટૂરિઝમ, એગ્રીવેન્ચર, ઈન્ફોટેક, એઆઈ, મશીન લર્નિંગ, ડ્રોન બેઈઝ સિસ્ટમ વગેરે ફિલ્ડના સ્ટાર્ટઅપ અને આઈડિયાને વિકસાવવાનો પ્રયત્ન ઈડીઆઈઆઈ દ્વારા કરાશે. આ ઉપરાંત ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, ટ્રેડમાર્ક વગેરે ફિલ્ડમાં યુવાનોને જાગ્રત કરવાનું કામ ઈડીઆઈઆઈ કરશે.

## 10 હજાર લોકોને ઉદ્યોગસાહસિક બનાવવાનો ઉદ્દેશ

*અમારો ઉદ્દેશ છે કે ગોવાની સ્કૂલનાં બાળકોને ઉદ્યોગસાહસિકતાના પાઠ સ્કૂલ કક્ષાએથી જ ભણાવાય. આવનારા પાંચ વર્ષમાં અમારું ધ્યેય છે કે, 10 હજાર લોકોને ઉદ્યોગસાહસિક બનાવાય, જેનાથી 20 હજાર કરતાં વધુ નોકરી ઊભી થશે. ગોવામાં નોકરી તરફ જતા યુવાનોને નોકરી આપનારા બનાવવા ઈડીઆઈઆઈ કામ કરશે. આ માટે એક ઓફિસ પણ શરૂ થઈ ચૂકી છે.*

» **ડૉ. સુનીલ શુક્લા,** ડિરેક્ટર, ઈડીઆઈઆઈ